<u>મે. છોટાઉદેપુર ના એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક સાહેબ શ્રી. ની કોર્ટમાં મુ.છોટાઉદેપુર</u>

**ફો.કેસ. નં.૧૨૦૨/૨૦૨૩**
**આંક.–૪**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

<u>વિરૂધ્ધ</u>

**આરોપી ઃ–કમલેશભાઈ દલીયાભાઈ રાઠવા**
રહે–ચોરવાણા,તા.જી.છોટાઉદેપુર
**ગુન્હો : ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)બી. મુજબ**

<u>:: ચુકાદો ::</u>

૧.) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે આરોપીએ ચોરવાણા મુકામે વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતા મળી આવી, ગુજરાત પ્રોહિબિશન એક્ટની ધારા **૬૬(૧)(બી)**, ની ભાષામાં સમાવિષ્ટ ગુન્હો અદાલતની હકૂમતમાં આચારેલ હોઈ, જે મુજબની પોલીસ તપાસ પુર્ણ કરી અદાલત સમક્ષ ધારાસરનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨.) આ કામના આરોપીને ચાર્જશીટ સાથે અદાલત સમક્ષ હાજર રખાતા, તેને સી.આર.પી.સી. કલમ ૨૦૭ અન્વયે મળવાપાત્ર પોલીસ પેપર્સની નકલ પુરી પાડી પળી રેકર્ડ કરવામાં આવેલ, જેમાં આરોપીએ તેના ઉપર આક્ષેપિત ગુનહા સબબ કબૂલાત કરી, **આંક-03** થી અલગથી કબુલાત પુરશીશ અદાલત સમક્ષ રજુ કરેલ. જેમાં જણાવેલ હકીકત મુજબ, તેઓ ગુન્હાની સ્વેચ્છીક કબુલાત કરે છે. તેઓ ઉપર આવા પ્રકારના ગુન્હાનો પ્રથમ આક્ષેપ છે. તેઓ ગરીબ વર્ગના, ઘરમાં એકમાત્ર કમાનાર-ભરણપોષણ કરનાર છે. તેઓ હવે બાદ આવા પ્રકારનો ગુન્હો કરશે નહીં કે કોઈ પ્રવૃતિમાં ભાગીદાર બનશે નહીં. તેઓએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ, ઝગડો, અસભ્ય વર્તન, મારા-મારી કરેલ હોઈ કે અશિષ્ટ ભાષા બોલેલ હોઈ તેવું બનેલ નથી. તેઓ તર્ફે રહેમ નજર રાખી ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. જ્યારે ચાર્જશીટ વંચાણે લેતા, તેઓ ઉપર જાહેરમાં વગર પાસ પરમીટ દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો આક્ષેપ છે. જે આજરોજ આરોપી અદાલત સમક્ષ હાજર રહી ગુન્હા કબુલાત કરતાં હોઈ, અને આ કામે અલગથી ગુન્હા કબુલાત પુરશીશ રજુ કરતાં હોઈ, જે ગુન્હા કબુલાતને તથા રજુ કરેલ પુરશીશને નહીં માનવાને કોઈ કારણ નથી જેથી કબુલાત સ્વીકારી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

આથી આરોપીને ગુજરાત પ્રોહિબિશન એક્ટની ધારા ૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સજા સંબધિત આરોપીને સાંભળવા સદર કામ મુલતવી

**તા. 09/09/2023**
**છોટાઉદેપુર**

**(એ.પી.જોશી)**
**એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક**
**છોટાઉદેપુર**

**<u>આરોપીને સજા સંબંધિત સાંભળ્યા :</u>**

૩.) આરોપીને ફરમાવેલ સજા બાબતે પૂછાતા તેઓ અદાલત સમક્ષ રજૂઆત કરે છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે, આ ગુન્હા બદલ તેઓ પસ્તાવો કરે છે. વધુમાં તેઓ ગુન્હાની ગંભીરતા સમજે છે, અને ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની ખાતરી આપે છે. વધુમાં ગુન્હા બાદળની સજા સંદર્ભે રહેમ રાખી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓ ગરીબ વર્ગના છે, તેમજ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે, તેમનો પ્રથમ ગુન્હો હોઈ તેઓના તેમજ તેમના કુટુંબના ભવિષ્યને લક્ષમાં રાખી ગુન્હો માફ કરવા વિનંતી કરેલ છે.

૩.૧) આરોપીને તેને કરેલ ગુન્હા કબુલાતએ ધ્યાને રાખી, દોષિત ઠેરવી યોગ્ય સજા કરવી જોઈએ તેવું અદાલતનું માનવું છે તેમજ સમાજના હિતમાં અને આવી ગુન્હાખોરી અટકાવવા કે તેના ઉપર નિયંત્રણ લાવવાના ઇરાદે આરોપીને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી. પરંતુ આરોપીની રજૂઆત ધ્યાને લેતા તેમજ તેનો પ્રથમ ગુન્હો હોઈ, આરોપીની આર્થિક તથા સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા, આરોપીને સુધરવાની તક મળી રહે તેવા શુભ ઇરાદે આરોપીને ગુન્હા બાબતનો અહેસાસ થાય તેટલી પૂરતી સજા થવી જોઈએ, તેમજ આરોપાયેલ કલમની જોગવાઈ ધ્યાને લઈ, ન્યાયનો હેતુ જળવાય તે રીતે સજા કરવાં આવે તો યોગ્ય અને ન્યાયિક રહેશે તેવું અદાલતનું સ્પષ્ટપુર્વક માનવું છે. તથા આરોપી જેલમાં અન્ય રીઢા ગુનેગારોના સંપર્કમાં આવે તો તેના જીવન પર વિપરીત અસર થવાની સંભાવના પણ રહેલી છે. આ સંજોગોમાં, આરોપાયેલ કલમની જોગવાઈ ધ્યાને લઈ, તથા ગુજરાત રાજ્ય વિ. નટવરજી હરચંદજી ઠાકોર ના ચુકાદામાં નામદાર વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ, નિયત કરેલ લઘુત્તમ સજાથી પણ ઓછી સજા કરવા માટે યોગ્ય ને પૂરતા સંજોગો હોઈ અને ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ તે લઘુત્તમ સજા થઈ શકે તેવું અદાલતનું માનવું છે. જેની સજાની જોગવાઈ ધ્યાને લઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

:: **આખરી હુકમ** ::

ક્રી.પ્રો. કોડની જોગવાઈ અન્વયે, આરોપી **કમલેશભાઈ દલીયાભાઈ રાઠવા** નાઓને ગુજરાત પ્રોહિબિશન એક્ટની ધારા ૬૬(૧)(બી), મુજબના ગુનામાં તેમની સ્વેચ્છિક કબૂલાત ધ્યાને લઈ, તેમણે કસૂરવાર ઠેરવી, ગુન્હાની સજા સંદર્ભેની તેમની રજૂઆત ધ્યાને રાખી, આરીપીને રૂ. 100/- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે.

આરોપી દંડ ભરવામાં કસૂર કર્યેથી દિન-૦૭ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આજ તા.09 મી માહે 09. 2023 ના રોજ, પક્ષકારો રૂબરૂ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા. 09/09/2023**

**છોટાઉદેપુર**

**(એ.પી.જોશી)**

**એડી.સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક**

**છોટાઉદેપુર**